# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને પ્રમુખસ્વામી મેડીકલ કોલેજની વચ્ચેનો

## સમજૂતી કરાર

બે સંસ્થાઓ વચ્ચેના સહકારના શૈક્ષણિક લાભોને માન્ય રાખીને વાજબીપણાં અને સમાનતાના આધાર પર સહકારની પ્રક્રિયા સરળ બનાવવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને પ્રમુખસ્વામી મેડીકલ કોલેજ આ સમજુતી કરાર પર જોડાણ કરે છે. દેખીતી રીતે જ સહકારી સંબંધમાં પ્રત્યેક પગલું પરસ્પરની સંમતિથી અને પરામર્શ એકબીજાની સંમતિ પર આધારિત હશે. આ સમજુતી કરારનો સામાન્ય હેતુ યોગ, આરોગ્યપ્રદ જીવન અને સુખાકારી પ્રવૃતિઓ શીખવાની અને આવી પ્રવૃત્તિઓની તાલીમ અને સંયુક્ત શૈક્ષણિક અને તાલીમ કાર્યક્રમોની શક્યતાઓને આગળ વધારવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા માટે આ સમજુતી કરારમાં ભાગ લઇ રહેલી બે સંસ્થાઓ વચ્ચે શૈક્ષણિક, તાલીમ સંબંધ અને સહયોગ માટે મજબુત માળખું સ્થાપવાનો છે. સહભાગી સંસ્થાઓ સહયોગ માટે નીચે મુજબના વિવિધ આયામો અપનાવવા માટે સહમત થાય છે.

૧. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારીની પ્રવૃત્તિના ક્ષેત્રમાં સંયુક્ત તાલીમ, બંને સંસ્થાઓ જરૂરી પરવાનગીઓ અને પરવાના મેળવવાની બાબતમાં એકબીજાને મદદ કરશે.

૨. યોગ, સ્વાસ્થ્યપ્રદ જીવન અને સુખાકારીની પ્રવૃત્તિઓની બાબતમાં શૈક્ષણિક સામગ્રી અને શૈક્ષણિક પ્રકાશનોનું આદાનપ્રદાન કરશે.

૩. તાલીમ, કાર્યશાળા, વ્યાખ્યાનો અને ચર્ચા-સભાઓ માટે વિધાશાખાના સભ્યોનું આદાન પ્રદાન કરશે.

૪. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારી પ્રવૃત્તિઓ, તેઓની તાલીમ, કાર્યશાળા અને સ્પર્ધાઓના આયોજન માટે માળખાગત સુવિધાઓનો પરસ્પર ઉપયોગ.

૫. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારી પ્રવૃત્તિઓને લગતા ખાસ પ્રસંગોનો અમલ કરવા માટે બંને સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવતી પરામર્શ સેવાઓ.

૬. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારી પ્રવૃત્તિઓને લગતા અભ્યાસક્રમો અને શૈક્ષણિક કાર્યક્રમો માટે જ્યારે જરૂર પડે ત્યારે/સક્ષમ સત્તાધિકારીઓની મંજુરી મળ્યેથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને પ્રમુખસ્વામી મેડીકલ કોલેજ સંસ્થા જોડાણ મેળવશે.

સંયુક્ત પ્રવૃત્તિઓનું વિષયવસ્તુ અને સિધ્ધ કરેલ પરિણામોનો ઉપયોગ કરવા માટેની શરતો તેમજ મુલાકાતો અને વિદ્યાર્થીઓ/તાલીમાર્થીઓના આદાન-પ્રદાન સહિતના તમામ પ્રકારના સહકાર માટેની વ્યવસ્થાઓ અંગે પ્રત્યેક ચોક્કસ કિસ્સામાં વાટાઘાટો કરવામાં આવશે. બંને સંસ્થાઓને ખ્યાલ છે કે તમામ આર્થિક વ્યવસ્થાઓ અંગે વાટાઘાટો કરવામાં આવશે અને સંલગ્ન પ્રવૃત્તિઓની શરૂઆતની પહેલા વિનિમય કરાર મુકરર કરવામાં આવશે.

આ સમજુતી કરારના અસરકારક અમલ માટે પ્રત્યેક સંસ્થા બંને સંસ્થાઓ વચ્ચેના સંપર્ક માટે જવાબદાર સંપર્ક વ્યક્તિ તરીકે એક સભ્યની નિમણૂક કરશે. આ સમજુતી કરાર જ્યાં સુધી કોઇ એક પક્ષ દ્વારા અન્ય પક્ષને લેખિતમાં છ મહિના પહેલાં નોટિસ આપવામાં ન આવે ત્યાં સુધી શરૂઆતમાં ત્રણ વર્ષ સુધીની મુદત સુધી અમલમાં રહેશે. બંને સંસ્થાના પ્રતિનિધિઓ આ સમજુતી કરાર સમાપ્ત થવાના છ મહિના પહેલા આ કરારની મુદત વધારવાની શરતો અંગે ચર્ચા કરશે અન્યથા તેની મુદત આપોઆપ વધી ગયેલ હોવાનું માની લેવામાં આવશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી યોગસેવક શીશપાલ અને પ્રમુખસ્વામી મેડીકલ કૉલેજ દ્વારા વર્ષ ૨૦૨૨ ના ઑગસ્ટ મહિનાની ૦૮ તારીખે અમલમાં આવેલ.

સ્થળ: કરમસદ

તારીખ: ૦૮/૦૮/૨૦૨૨

| | |
|---|---|
| [signature] | શીશપાલ [signature] |
| ડૉ. હિમાંશુ પંડયા | યોગસેવક શીશપાલ |
| ડીન | ચેરમેન, |
| પ્રમુખસ્વામી મેડીકલ કૉલેજ | ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર |
| કરમસદ. | |
| PRAMUKHSWAMI MEDICAL COLLEGE ★ KARAMSAD 388 325 | Gujarat State Yog Board, Gandhinagar |

Courier 22/8/22 4.20 PM